# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઈટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT LION DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કહ્યું, ગુજરાતનાં સાવજ આજે દેશની અસ્મિતાનું પ્રતિક બન્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ટીંબડી ખાતે વિશ્વ સિંહ દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં શ્રી પટેલે જણાવ્યું કે વન્ય પ્રાણી સંરક્ષણના રાજ્ય સરકારના સાતત્યપૂર્ણ અભિગમને કારણે ગીરના સિંહોની સંખ્યામાં ઉતરોત્તર વધારો થયો છે. ગુજરાત સિંહપ્રેમીઓ માટે પસંદગીનું સ્થળ છે. તેમણે ઉમેર્યું કે રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને 891 થઈ છે, સિંહની વધતી સંખ્યા આપણાં માટે ગૌરવની વાત છે. શ્રી પટેલે કહ્યું, સિંહના વિસ્તરણનો વિસ્તાર ગત અઢી દાયકામાં ત્રણ જિલ્લાથી વધીને આજે 11 જિલ્લામાં વિસ્તર્યો છે.

(બાઈટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી 01.04.59-01.05.30 )

આ પ્રસંગે કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ એ કહ્યું ગુજરાતે સિંહની વસ્તી અને સિંહના પ્રાકૃતિક પરિસર એમ બંને પ્રોજેક્ટ પૂર્ણ કર્યા.

(બાઈટ : ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રીય મંત્રી )

..........................

# Vishv LION divas – district

રાજ્ય સહિત જિલ્લા અને તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષા એ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરી વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

ત્યારે દીવ જિલ્લા શિક્ષણાધિકારી અરવિંદ સોલંકીના માર્ગદર્શન અને શાળાના પ્રાચાર્ય વિજય બામણીયાના નેતૃત્વ હેઠળ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા દીવમાં 'વિશ્વ

સિંહ દિવસ' ઉત્સાહપૂર્ણ ઉજવવામાં આવ્યો. આ અવસરે વન્યજીવ સંરક્ષણ અને ખાસ કરીને સિંહોની ઘટતી સંખ્યાની પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા તંત્ર દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું.

અમરેલીમાં વિદ્યાસભા શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસમાં વિશ્વ સિંહ દિવસની રેલી સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, અને ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા, આપણા ગીરનું ગૌરવ સિંહ એટલે બહાદુરી, વીરતા, શોર્ય અને શક્તિનું પ્રતીક માનવમાં આવે છે.

ગીર સોમનાથ જીલ્લાના તાલાલા સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સિંહોના સંરક્ષણ અને સંવર્ધન તેમજ જૈવિક મહત્વ અને સ્થાનિક પર્યાવરણમાં સિંહોની ભૂમિકા વિશે માહિતગાર કરવાનો હતો. આચાર્ય કિર્તીગીરી મેઘનાથીએ જણાવ્યું હતું કે, ગીર એશિયાઈ સિંહોનું એકમાત્ર ઘર છે. જેથી આપણે આ પ્રજાતિના સંરક્ષણમાં સક્રિય યોગદાન આપીએ.

બોટાદ શહેરમાં શાળાના વિધાર્થીઓ દ્રારા સિંહનું મુખુટુ પહેરી સુત્રોચાર કરી વિશ્વ સિંહ દિવસની રેલી યોજી હતી. કાર્યક્રમ દરમ્યાન ફોરેસ્ટ વિભાગના અધિકારી તેમજ શાળા ના શિક્ષકો અને આચાર્ય સહિત મોટી સંખ્યામાં વિધાર્થીઓ રેલીમાં જોડાયા હતા.

જામનગરમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે જામનગર વન વિભાગ અને પર્યાવરણ પ્રેમી સંસ્થા લાખોટા નેચર કલબના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી. જેમાં જામનગરની સરકારી અને ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને સિંહ વિષે માહિતી આપવામાં આવી હતી.

તેમજ પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું 3 હાજર થી વધુ વિદ્યાર્થીઓને સિંહના મોહરાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું અને એશિયાટિક લાયન એ રાજ્ય અને દેશનું ગૌરવ છે તે અંગે વિદ્યાર્થીઓ ને માહિતગાર કરવામાં આવ્યા હતા.

---

# HARSH SANGHAVI SURAT

ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે આજે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુરત જિલ્લાના કામરેજ પોલીસ મથકમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા.

પોલીસ અને સરપંચ વચ્ચે સુમેળ અને સહયોગ વધારવા માટે આ પરિસંવાદનું આયોજન કરાયું. જેમાં સરપંચોને તેમના પ્રશ્નો રજૂ કરવા, સુધારાના સૂચનો આપવા અને પોલીસ સાથે સક્રિય સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાયા.

..........................

# MEHSANA FOOD AND DRUGS

ઈટ રાઈટ મહેસાણા ઝુંબેશ અંતર્ગત મહેસાણા જિલ્લાની આંગણવાડીઓમાં ખોરાક અને ઔષધ તંત્ર દ્વારા નોંધણી પ્રક્રિયા હાથ ધરાઈ. અમારા પ્રતિનિધિ જણાવે છે ખેરાલુ ખાતે યોજાયેલા કેમ્પમાં 61 જેટલી આંગણવાડીઓની નોંધણી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં જિલ્લાની તમામ આંગણવાડીઓની નોંધણી કરવામાં આવશે.

..........................